# એસ. વી. સ્કૂલનાં બાળકોએ પક્ષીઓને દાણા-પાણી આપ્યાં



ઉનાળાના આગમન સાથે જ કાળઝાળ ગરમીમાં પશુ-પક્ષીઓની હાલત દયનીય થઈ જાય છે, ત્યારે ગરમીની ઋતુમાં અબોલ પક્ષીઓની તરસ છીપાવવા માટે સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. પ્રી-સ્કૂલના શિક્ષકોએ પક્ષીઓ માટે પાણીના કૂંડા અને જુવારના દાણાની વ્યવસ્થા કરી હતી. તેમણે બાળકો પાસે પાણી અને જુવાર નખાવ્યા હતા. શાળાના પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે બાળકોને 'તરસ્યા કાગડા'ની વાર્તા સંભળાવી હતી અને બાળકોને અબોલ પક્ષીઓ પ્રત્યે માનવીય દ્રષ્ટિકોણ અને હમદર્દી દાખવી, તેમનું જતન કરી, તેમની સંભાળ લેવાની શીખ આપી હતી. દરેક બાળક પોતાના ઘરે પણ પક્ષીઓ માટે પાણીનાં કૂંડા અને જુવારના દાણાની વ્યવસ્થા કરશે તેવું વચન બાળકો પાસેથી સ્કૂલ દ્વારા લેવામાં આવ્યું હતું.

### ગાંધીનગર જિલ્લાના પીપળજ ખાતે

# 'આર્યાલયમ' કન્યા છાત્રાલયનો વાર્ષિકોત્સવ ઉત્સાહથી ઉજવાયો

## વિદ્યાર્થિનીઓએ ભદ્રસુકતમ્, આર્યાલયમ્ થીમ સાથે, દેશભક્તિનાં ગીતો , અંતાક્ષરી તેમજ ઘુમર નૃત્ય જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા

ગાંધીનગર, તા. ૨૯

સર્વ સમાજની દિકીઓના ઉત્થાન માટે ગત વર્ષે ગાંધીનગર જિલ્લાના પેથાપુર પાસે પીપળજ ખાતે 'આર્યાલયમ' છાત્રાલય શરૂ કરવામાં આવ્યું છે.

'આર્યાલયમ' છાત્રાલયના એક વર્ષ પૂર્ણ થવાના અવસરે હર્ષોઉલ્લાસભેર વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. આ વાર્ષિકોત્સવમાં ધોરણ- ૬થી ૧૦ની કન્યાઓએ ઉત્સાહભેર ભાગ લઈને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી કૃતિઓ રજુ કરી હતી, જેમાં મુખ્યત્વે ભદ્રસુકતમ્, આર્યાલયમ્ થીમ સાથે, દેશભક્તિનાં ગીતો , અંતાક્ષરી તેમજ ઘુમર નૃત્ય જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા ત્યારે હાજર સૌએ હર્ષોઉલ્લાસભેર તેમને વધાવી લીધાં હતાં.

વર્ષ દરમ્યાન કન્યાઓને છાત્રાલયમાં અભ્યાસની સાથે-સાથે સંસ્કાર, સામાજીક જાગૃતિ અને વૈવિધ્યસભર પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. સમ્રગ વર્ષ દરમ્યાન ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર કન્યાઓને મહર્ષિ અત્રિ તપોવનના ટ્રસ્ટી ભરતભાઈ હુમ્મર, સંચાલક જયંતિભાઈ હુમ્મર તેમજ અગ્રણી રશ્મિકાંતભાઈ પટેલના હસ્તે ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

'આર્યાલયમ' કન્યા છાત્રાલયનાં ગૃહ માતા ભાવનાબહેન હુમ્મર, ધારા, ઝંખના અને રાજેશ્વરીએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# વેસ્ટર્ન એગ્રી સીડ્સના સૌજન્યથી કલાગુર્જરી દ્વારા રવિવારે શ્રી રામ સેવકદાસજીની ભજનસંધ્યાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

કલાગુર્જરી સંસ્થા દ્વારા વેસ્ટર્ન એગ્રી સિડ્સના સૌજન્યથી ભજન સંધ્યાનું આયોજન ૩૧મી માર્ચ ને રવિવારના રોજ કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ અને વેસ્ટર્ન એગ્રી સિડ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર એન પી પટેલે જણાવ્યું છે કે ગાયન જ જેઓનું ભજન છે તેવા સુપ્રસિદ્ધ ભજનીક શ્રી રામ સેવકદાસજીની એક યાદગાર ભજન સંધ્યા 'ભજન કરે એ જીતે મનવા' શિર્ષક હેઠળ ૩૧મી માર્ચ ને રવિવારના રોજ વેસ્ટર્ન બાયોટેક ફાર્મ હાઉસ, રાંધેજા ફાટક પાસે, માણસા રોડ, ગાંધીનગર ખાતે યોજવામાં આવી છે.

જે સભ્યો પોતાનાં વાહનમાં આવી શકે તેમ ન હોય તેમના માટે ટાઉનહૉલથી કાર્યક્રમના સ્થળ સુધી અને કાર્યક્રમ પછી તરત બસની વ્યવસ્થા કરવામાં આવી છે. સાંજે ૭.૩૦ કલાકે કાર્યક્રમના સ્થળે જવા માટે બસ ઉપડશે.

આ પ્રસંગે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ભોજનનો સમય રાત્રે ૮ કલાકનો અને કાર્યક્રમનો સમય રાત્રિના ૯થી ૧૨ કલાકનો રહેશે. કાર્યક્રમના સ્થળે નવા વર્ષના સભ્યપદ માટેનાં ફોર્મ્સ/ચૅક સ્વીકારવામાં આવશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## જન્મદિને વધામણી



દિનેશકુમાર બી રાઠોડ
મો. ૯૨૨૮૫ ૬૩૪૮૧



વાઢેર આર્યન નયન
મો. ૯૯૨૫૦ ૩૮૮૪૨

# ગાંધીનગર સાહિત્યસભા દ્વારા નવી ડિરૅક્ટરી તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોની એક નવી ડિરેક્ટરી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો જાહેર કરતાં સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોની નવી ડિરેક્ટરી બનાવવાનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે.

આ ડિરેક્ટરી પ્રમાણભૂત અને સંપૂર્ણ બની શકે તે માટે સૌ સભ્યોને પોતાનું નામ, સરનામું, ફોન નંબર, મોબાઈલ-વોટ્સએપ નંબર, ઈ-મેઈલ આઈડીની વિગતો આગામી તારીખ પાંચમી એપ્રિલ સુધીમાં નટવર હેડાઉ (૯૪૨૮૪૧૭૪૦૬) અથવા સંજય થોરાત (૯૪૨૬૮ ૮૦૪૦૦)ને મોકલી આપવા માટે તેમના દ્વારા અપીલ કરવામાં આવી છે.

# 'શિવરંજની' દ્વારા આજે 'ગોલ્ડન એરા' કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૯

શિવરંજની સંસ્થા દ્વારા હિન્દી ફિલ્મોના ગોલ્ડન ગીતોનો એક કાર્યક્રમ શનિવારે રાત્રે યોજવામાં આવ્યો છે.



આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે જેમને સતત ગણગણવાની મઝા જ કંઈક ઓર છે તેવાં ગીતોનો એક વિશિષ્ટ કાર્યક્રમ 'ગોલ્ડન એરા' ૩૦ માર્ચ ને શનિવારના રોજ વર્ષ ૨૦૧૮-૧૯ના છઠ્ઠા કાર્યક્રમ તરીકે યોજાઈ રહ્યો છે. મુંબઈથી આ પ્રોગ્રામ માટે પધારનાર મૃદુલા દેસાઈ (વોઈસ ઓફ સુરૈયા, શમશાદ બેગમ, નૂરજહાં), નિરજ પાઠક તથા રઈશ મણિયાર જેવા જાણીતા અને ખ્યાતનામ કલાકારો મનોહર ગીતોની પ્રસ્તુતિ કરશે.

શિવરંજની સંસ્થાની ઉત્તમ કાર્યક્રમો આપવાની પ્રણાલી અને તમામ ગુણીજનો દ્વારા ૨૦૧૭માં થયેલ આ કાર્યક્રમને રિપીટ કરવાની માગણીને ધ્યાને લઈને ઉચ્ચ કક્ષાનાં ગીતો અને તેને ન્યાય આપી શકે તેવા કલાકારો દ્વારા ગોલ્ડન ગીતોના આ કાર્યક્રમની પસંદગી કરવામાં આવી છે.

આવી જ કક્ષાના કાર્યક્રમો નવા વર્ષ ૨૦૧૯-૨૦માં પણ માણવાનું આયોજન કરી શકાય તે માટે ખૂબ જ મહત્ત્વની એવી સભ્યપદ મેળવવા માટેની કામગીરી શરૂ થઈ ચૂકી છે.

આ અંગેનાં ફોર્મ અને અન્ય વિગતો સભ્યોને ઘેર મોકલવામાં આવી છે. સમયસર સભ્યપદ મેળવી લેવા તેમના દ્વારા સૌ સભ્યો, રસિક જનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

### ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા

# રવિવારે પંડિત પાલુસ્કર સંગીત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા "આઉટરીચ કલ્ચરલ પોગ્રામ" શ્રેણી અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન "પંડિત પાલુસ્કર સંગીત સમારોહ" શીર્ષક સાથે બીજા વર્ષમાં સ્વરમ શાસ્ત્રીય અને સુગમ સંગીત એકેડમીના સહયોગથી તારીખ ૩૧મી માર્ચ ને રવિવારે સવારે ૧૦ કલાકે ભવન્સ જે. એ. ઓડીટોરીયમ ખાતો કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલયના ટ્રસ્ટી અને સમુત્કર્ષ યોગા, સંગીત અને આધ્યાત્મીક જીવનશૈલી એકેડમીનાં માનદ પ્રિન્સીપાલ ડૉ. મુદ્રિકા જાની ઉપસ્થિત રહેશે.

રેખા બેન રાવલના નેતૃત્વ હેઠળ સ્વરમ એકેડમી ૧૯૮૯ થી કલાસિકલ અને હિન્દુસ્તાની સંગીતનો પ્રચાર કરે છે. અને ભારતીય શાસ્ત્રીય સંગીતના વિવિધ વિભાગોમાં તાલીમ આપે છે. આ કાર્યક્રમ અંતર્ગત સ્વરમ શાસ્ત્રીય અને સુગમ સંગીત અકાદમીનાં વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રીય અને સુગમ સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવશે. તબલા પર અર્નબ ચૌધરી એક સોલો પરફોર્મન્સ આપશે. દૂતી બુચ શાસ્ત્રીય ગાયનની પ્રસ્તુતિ કરશે. અનુષ્ઠાન અકાદમીના વિદ્યાર્થીઓ તબલા પર તાલ અને લયની પ્રસ્તુતિ કરશે. હાર્દિક જોશી વાયોલીન પર એક સુંદર સંગીતની પ્રસ્તુતિ કરશે. હારમોનિયમ પર આકાશ જોશી એક સોલો પરફોર્મન્સ આપશે. વિશાલ વાઘેલા રીધમ રાઈડર્સ એકેડમી માંથી તબલા પર સોલો પરફોર્મન્સ આપશે. સ્વરમ શાસ્ત્રીય અને સુગમ સંગીત અકાદમીની વિદ્યાર્થી પવાની રાવલ શાસ્ત્રીય ગાયન પ્રસ્તુતિ કરશે. અંતમાં તબલા પર એક વિશિષ્ટ પ્રસ્તુતિ જજ્વાલ્યા શુક્લા દ્વારા કરવામાં આવશે.

આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદ્દન નિશુલ્ક યોજવામાં આવ્યો છે, રસ ધરાવતા સૌ નાગરિકોને કાર્યક્રમ માણવા આયોજકો તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

# ભારતની સૌથી મોટી ગેમિંગ ચેમ્પિયનશીપ ૩૧મીથી ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૨૯

માઉન્ટેન ડ્યુ એ તેની અત્યંત સફળ વાર્ષિક ગેમિંગ પ્રોપર્ટી ડ્યુ એરિના સાથે પાછું ફર્યું છે. આ ચેમ્પિયનશીપ વધુને વધુ ઝડપે આગળ વધી રહી છે. ૨૦૧૬માં ૨૨,૦૦૦ સ્પર્ધકોથી શરૂ થયેલી આ સ્પર્ધામાં ૨૦૧૮માં ૭,૦૦,૦૦૦ સ્પર્ધકો નોંધાયા હતા.

સમગ્ર દેશમાંથી સ્પર્ધકો, ટ્રાવેલિંગ ડયુ એરિના ગેમિંગ ટ્રક્સ દ્વારા કે ઓનલાઈન કે મોબાઈલની મદદથી ભાગ લઈ શકે છે.

ગાંધિનગર ખાતે ડયુ એરિનાનું આગમન ૩૧મી માર્ચે થશે. વિક્ષેપક નિઓન ગેમિંગ ટ્રક ૧૬ ગેમિંગ સ્ટેશનથી ફિટ છે, સાથે વીઆર હેડસેટ પૂરું પાડવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં ગેમિંગના ઉત્સાહિતો માટેનો આ પ્રકારનો આ અલગ જ અનુભવ છે. આ ટ્રક ૩૧મી માર્ચે ઈનફોસીટી, ૧લી એપ્રિલે સેક્ટર ૨૧ માર્કેટ, ૨જી એપ્રિલે સેક્ટર ૭ માર્કેટ, રિલાયન્સ ચાર રસ્તા ૩જી એપ્રિલે અને ૪થી એપ્રિલે મેળા મેદાનની સામે કુડાસણ માર્કેટ ખાતે આવશે.

દેશની સૌથી મોટી ઓન-ગ્રાઉન્ડ ગેમિંગ ચેમ્પિયનશીપ સમગ્ર દેશના ૮ રાજ્યોના ૨૦૦ સ્થળોએ ફરશે. જેમાં ૭ મહિનાના ગાળામાં હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકનો સમાવેશ થાય છે.

ડયુ એરિના એ સતત 'રિસ્ક ઉઠા નામ બના'ની બ્રાન્ડ ફિલોસોફી પર કામ કરે છે, જે તેના સ્પર્ધકોને તેમની પ્રતિભા દર્શાવવાનો તથા પોતાના માટે નામ કમાવાનો મોકો આપે છે. ડયુ એરિના વિજેતાઓને ડયુ બોટલ્સની મર્યાદિત આવૃતિ પર ચમકવાનો મોકો પણ આપે છે. આ ઉપરાંત આ ચેમ્પિયનશીપની મદદથી તેઓ રૂ.૨૦ લાખની કિંમતનાં ઈનામો જીતવા માટે પણ સક્ષમ બની શકશે.

ગ્રાહકો www. dewa-rena.com પર કે પછી વધુ અપડેટ માટે Mountain Dew Facebook કે Instagram પેજ પર ટ્યુન કરી શકે છે. ચેમ્પિયનશીપ કોર્સ દરમિયાન, રમતવીરોએ દરરોજ ફાઈટ કરીને ઓક્ટોબર ૨૦૧૯માં યોજાનારી ડયુ એરિના ગ્રાન્ડ ફાઈનલમાં સ્થાન મેળવવાનું રહેશે.

# શ્રેષ્ઠ પ્રત્યાયનકાર

॥ નવમો મણકો ॥

**નિષ્કર્ષ**

ગાંધીજીના ગણતરી પૂર્વકનીસંચાર પદ્ધતિઓ અને માધ્યમ પસંદગી કરવાની વ્યૂહ રચનાનો અભ્યાસના આધારે ચોક્કસપણે કહી શકાય કે દેશની સ્વતંત્રતા મેળવવા અને વિકાસ માટે કામ કરવા પ્રેરણા પણ પૂરી પાડી હતી. ગાંધીજીએ પાયાના પ્રશ્નો શોધવા માટે દેશવાસીઓ જેવા દેખાય એવાં વસ્ત્રો ધારણ કરીને સમગ્ર દેશનો પ્રવાસ ખેડ્યો. દેશની આઝાદી એક માત્ર ધ્યેય બનાવ્યું. આઝાદીનું આંદોલન કેટલાક બુદ્ધિજીવી વર્ગ પૂરતું મર્યાદિત હતું. ગાંધીજીએ ગામડાઓ અને શહેરીજનોની બૌદ્ધિકો સાથે જોડવાનું કામ કર્યું. આ સાથે સામાન્ય માણસને સમજાય તેવા સૂત્રો, પ્રતીકો, લડત અને દેશના વિકાસમાં અવરોધરૂપ અસ્પૃશ્યતાનિવારણ લગતાં પ્રશ્નોના ઉકેલ કર્યા. કાર્યોની અસરકારકતા ઊભી કરવા માટે તેમણે જનસંપર્કના માધ્યમ તરીકે જોઈએ તો (૧) આંતરવ્યક્તિ પ્રત્યાયનમાં પ્રાર્થનાસભા, જાહેરસભા, મિટિંગો,મુલાકાતો, કપડાં પહેરવાની શૈલી, વગેરે બાબતો પર ખાસ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. (૨) સમૂહ માધ્યમોમાં પોતાનાં અખબારો ઈન્ડિયન ઓપીનિયન, યંગ ઈન્ડિયા,નવજીવન અને હરિજન મુખ્ય હતાં. (૩) પરંપરાગત માધ્યમોમાં ભજન, કીર્તન, ધૂન, સંગીત વગેરે સમાવેશ પ્રાર્થનાસભામાં કરતાં અને અહીં જ મહત્વના આંદોલનની રજૂઆત થતી. આમ, તમામ કાર્યક્રમો જનસામાન્ય જરૂરિયાતના પાયા પર રચાયેલા હતા અને ચોક્કસ સમયે શરૂ થતા અને નિયત સમય પર અચૂક પૂરા થતાં.




ભારતીય જનસંપર્કના પિતામહ મહાત્મા ગાંધી વર્ષો સુધી અખબારી આલમમાં અને જનસંપર્ક ક્ષેત્રમાં અભ્યાસ કરતાં, કાર્યરત વ્યક્તિઓ માટે માર્ગદર્શક બની રહેશે. ગાંધીજીએ પોતાના પત્રકારત્વ દ્વારા પોતાના સદૈવ વિકાસશીલ વિચારોને જનતા સમક્ષ મૂકી અપ્રતિમ દિશાસૂચક બની રહ્યાં છે. સ્વયં ગાંધીજીએ કહેલું છે કે, 'મારું વૃત્તવિવેચન જુદા જ પ્રકારનું છે.'

આઝાદી મળ્યા પછી ગાંધીજીએ 'હરિજન'માં લખ્યું હતું કે, 'ભારત હવે આઝાદ છે. ગુલામીનો બોજો હવે આપણા શિરે નથી. દેશને મજબૂત કરવા માટે સૌએ પોતાની મહત્તમ તાકાત કામે લગાડવી જોઈએ.દેશના કોઈ બે ભાગમાં હોય કે કોઈ બે વ્યક્તિ વચ્ચે મતભેદ હોય- તમામ પ્રશ્નોનો માનવીય ઉકેલ અહિંસક માર્ગે લાવવો જોઈએ.'

પત્રકાર વિશ્વના ભીષ્મપિતામહ સમા મહાત્મા ગાંધીજીને આદરપૂર્વક અનેક વંદન.



- મિતેષ મોદી સંશોધિત લેખ 'મહાત્મા ગાંધી એક શ્રેષ્ઠ પત્રકાર અને સમૂહ પ્રત્યાયનકાર'માંથી સાભાર

# યુ.પી.એસ.સી.ની પરીક્ષા એક પ્રયત્ને કઈ રીતે પાસ કરવી ?




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગર ની આસપાસ ના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહી પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવા થી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

**૧. મેં આ વર્ષે જ ગ્રેજ્યુએશન પૂરું કર્યું છે.તો હવે ગ્રેજ્યુએશન પછી હું કયા કયા ક્ષેત્ર માં આગળ વધી શકું?**

**- રોહિત નાયી, માણસા**

રોહિત,આપે કયા ક્ષેત્ર માં ગ્રેજ્યુએશન પૂરું કરેલ છે એ જણાવેલ નથી.છતાં અમે તમને દરેક વિકલ્પ ની જાણકારી આપી રહ્યા છીએ.બેચલર ડીગ્રી પછી આગળ વધવા માટે કેટલાક માર્ગો છે. (૧) આગળ અભ્યાસ કરવો (૨) નોકરી કરવી. (૩) પોતાનો બિઝનેસ કરવો. (૪)



સ્ટુડન્ટ વિઝા મેળવી પરદેશ ભણવા જવું. (૫) સારી કોલેજમાં એડમિશન માટે એડમિશન ટેસ્ટની તૈયારી કરવી. (૬) સારી નોકરી મેળવવા માટેની કોમ્પિટેટિવ-સ્પર્ધાત્મ પરીક્ષાની તૈયારી કરવી. (૭) કમ્પ્યુટરના કોઈ કોર્સ કરવા. (૮) પરદેશ જવા માટે જરૂરી જી.એમ.એ.ટી, જી.આર.ઈ, ટી.ઑ.ઈ.એફ એલ, આઈ.એ.એલ.ટી.એસ જેવી પરીક્ષાની તૈયારી કરવી અથવા (૯) કંઈ કર્યા વગર સમય પસાર કરવો.આ બધા માર્ગોને જરા ધ્યાનથી વિચારીએ તો મુખ્ય બે ભાગમાં વહેંચી શકીએ: (૧) આગળ ભણવાનો માર્ગ અને (૨) નોકરી ધંધાનો માર્ગ આજે પરિસ્થિતિ એવી છે કે નોકરી સહેલાઈથી મળતી નથી. જે મળે છે તે ખાસ ગમે તેવી હોતી નથી. પોતાનો બિઝનેસ શરૂ કરવો સહેલો છે. પરંતુ ચલાવવાનું મુશ્કેલ છે. જ્યારે એની સરખામણીમાં આગળ ભણવાનું સહેલુ છે. એડમિશન મેળવવું એટલું અઘરું નથી. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ-આઈઆઈએમ જેવી ભારતની નંબર વન કક્ષાની કોલેજોમાં પ્રવેશ મેળવવો અઘરો છે પરંતુ એવો જ કોર્સ બીજી કોલેજમાં ચાલતો હોય તો એમાં એડમિશન મેળવવું અઘરું નથી. ખરો સવાલ એ છે કે, બેચલર ડિગ્રી પછી આગળ શેમાં એડમિશન લેવું? કયો કોર્સ કરવો સારો? આ પ્રશ્નનો એક જવાબ એ છે કે જો આપ હજી આગળ ભણવા માંગો છો તો સૌથી મહત્વ ની વસ્તુ એ છે કે આપ કઈ કોલેજ અથવા સંસ્થા માં એડમિશન લો છો.જેમકે જો આપ એમ.બી.એ કરવા માંગો છો તો એના માટે સારી કોલેજ ની પસંદગી એના માટે આપ સી.એ.ટી અને સી.એમ.એ.ટી જેવી પ્રવેશ પ્રક્રિયા આપી શકો.અને બીજી મુખ્ય બાબત એ જણાવવા માંગીએ છીએ કે આપે એ જ ક્ષેત્ર માં આગળ વધવું જે ક્ષેત્ર માં આપને રસ હોય.તો જ આપ એ માટે પૂરી અને સારી રીતે મેહનત કરી શકસો .અને આપ ધારેલ શફળતા પ્રાપ્ત કરી સકસો.

**૨. હું હ્યુમનિટીસ (આર્ટ્સ)માં ધોરણ ૧૨માં અભ્યાસ કરું છુ.આર્ટ્સ પછી આગળ અભ્યાસ માટે કયા કયા વિકલ્પ છે?**

**- જૈમિન શાહ, ગાંધીનગર**

જૈમિન, ધોરણ ૧૨ આર્ટ્સ પછી ઘણા વિકલ્પ આપના માટે છે.પણ આપણે મહત્વ ના વિકલ્પો વિષે વાત કરીએ તો ૧૨ આર્ટ્સ પછી બી.એ. કરી શકો છો.એમાં પણ આપ આપના મનપસંદ ક્ષેત્ર જેવા કે સંગીત,પરર્ફોમિંગ આર્ટસ, સાહિત્ય વિગેરેમાં પ્રભુત્વ મેળવી શકો છો. ત્યાર બાદ એમ.એ કરી શકો છો.બીજો મહ્ત્વનો વિકલ્પ વિચારીએ તો બી.અ., એલ.એલ.બી સાથે પાંચ વર્ષનો કોર્સ કરી શકો છો. જે આપ એન.એલ.યુ. એટલે કે નેશનલ



લૉ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠત યુનિવર્સિટીમાંથી કરી શકો છો. તે માટે આપ સી. એલ. એ. ટી. પ્રવેશ પરીક્ષા આપી શકો છો. અન્ય વિકલ્પની વાત કરીએ તો માસ કોમ્યુનિકેશન, જર્નાલિઝમ અથવા મિડિયામાં પણ જઈ શકો છો. જે માટે આપ દિલ્લી યુનિવર્સિટી અથવા સેંટ ઝેવિયર્સ, મુંબઈ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી પણ કરી શકો છો. તેમાં પ્રવેશ લેવા માટે પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. હોટલ મેનેજમેંટ પણ એક સારો વિકલ્પ બની શકે છે જો આપ એ ક્ષેત્રમાં જવા માંગતા હોય તો. એ માટે આપ એન. સી. એચ. એમ. સી. ટી. જે. ઈ. ઈ. ની પરીક્ષા આપી આઈ. એચ. એમ જેવી પ્રતિષ્ઠત સંસ્થામાં પણ એડ્મીશન લઈ શકો છો.આ સિવાય અન્ય એક વિકલ્પ છે લિબરલ સ્ટડીઝ જે તમે એફ. એલ. એ. એમ. ઈ. અને ગાંધીનગર સ્થિત પી. ડી. પી. યુ. જેવી પ્રતિષ્ઠત સંસ્થામાંથી પણ કરી શકો છો. લિબરલ સ્ટડીઝ જો પ્રતિષ્ઠિત કોલેજમાંથી કરવું હોય તો આપને પ્રવેશ પરીક્ષા આપવી પડશે. જણાવેલા વિકલ્પો ઉપરાંત પણ ઘણા વિકલ્પ છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ !

**૩. હું ટી.વાય. બી.કોમ.માં અભ્યાસ કરું છુ. યુ,પી.એસ.સી. ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને કેવી રીતે પાસ કરી શકાય ?**

**- શ્વેતા ઝાલા, ગાંધીનગર**

શ્વેતા, આપ યુ.પી.એસ.સી એટલે કે આઈ.એ.એસ, આઈ.પી.એસ વિગેરે બનવા માટેની પરીક્ષાની વાત કરો છો એમ અમે સમજીએ છે. સૌ પ્રથમ તો અમે જણાવી માંગીશું કે યુ,પી.એસ.સી અથવા કોઈ પણ પરીક્ષાને પ્રથમ પ્રયત્ને પાસ કરવા માટે તમને બે પગલા સમજવા અને અમલ માં મૂકવા ખૂબ જરૂરી છે. પ્રથમ પગલું છે સચોટ પ્લાનીગ. કોઈ પણ પરીક્ષા પાસ કરવા માટે તમારે પેહ્લા આપનુ પ્લાનીગ ફક્ત બનાવવાનુ જ નથી પણ એ પ્રમાણે આપે એને અનુસરવાનું પણ રહેશે. કોઈ પણ પરીક્ષાની તૈયારી કરતા પૂર્વે આપે તે પરીક્ષાની સંપૂર્ણ માહિતી મેળવવાની પણ રહેશે. જેમકે અભ્યાસક્રમ અને તેના વિષયો વિશેનો અભ્યાસ આપે કરવાનો રહેશે. તેના માટે આપ ઈન્ટરનેટનો



ઉપયોગ કરી શકો છો.ત્યાર બાદ બીજું પગલું છે તનતોડ મેહનત.કોઈ પણ પરીક્ષામાં મેહનત વગર સફળ થવું એ શક્ય નથી. આમ, પરીક્ષાને પ્રથમ પ્રયત્ને પાસ કરવા, સચોટ પ્લાનિંગ અને તનતોડ મેહનત જરૂરી છે. સમયનો સદુપયોગ કરશો તો સફળતા જરૂર મળશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો.ઓલ ધ બેસ્ટ !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com

વોટ્સએપ નંબર : 88492 21653

ફેસબુક: www.facebook.com/questions.careercorner